**અમદાવાદ(ગ્રામ્ય)ના ૯માં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(ફર્સ્ટ કલાસ) ની કોર્ટમાં, મુ.મીરઝાપુર, અમદાવાદ.**

---

**ફોજદારી કેસ નં.<u>૨૫૮૭/૧૯</u>**

આંક:– ૬

ફરીયાદી:– શ્રીસરકાર

વિરૂધ્ધ

આરોપીઓ:– કંકુબેન વા/ઓ કીશોરભાઈ પટણી

**<u>ગુન્હો:– ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૧૮૮,૧૩૧ મુજબ.</u>**

**:: ચુ કા દો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે તા.<u>૦૪/૧૧/૧૮</u> ના રોજ કલાક <u>૨૦:૦૦</u> વાગ્યે <u>તમો</u> આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૭૬૦ ની કલમ– ૧૮૮ તથા જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આંક– ૪ થી આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી આંક–૫ થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ <u>૧૮૮</u> મુજબના શિક્ષા પાત્ર ગુન્હા માટે તક્ષીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે. ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિ કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતાં, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આરોપી કંકુબેન વા/ઓ કીશોરભાઈ પટણી રહે............. વાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૧૮૮, ૧૩૧ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/– ( રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૦૯ માહે માર્ચ સને ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચીને જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૧૯
અમદાવાદ

૯માં એડી. સીવીલ જજ
અને જ્યુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.